સ્વર્ણિમ પાર્કમાં ભૂલભૂલામણી અને એક્સરસાઈઝ પ્લાઝા પણ બનશે

ટેન્ડરને મંજુરી ટૂંકમાં કામ શરૂ, ગાર્ડન રંગબેરંગી ફાઉન્ટેઈન, ફૂડકોર્ટ, પોકેટ પ્લાઝા તેમજ ચિલ્ડ્રન પાર્ક પાછળ ૧૯ કરોડ ખર્ચાશે

ગાંધીનગર, તા. ૧૬

નગરના મધ્ય વિસ્તારમાં આકાર લેતા સ્વર્ણિમ પાર્કની યોજનાને અનુલક્ષી હવે લેન્ડ સ્કેપીંગનું કામ હાથ ધરવામાં આવશે. બીજા તબક્કાની આ કામગીરી માટે અંદાજિત રૂ. ૧૯ કરોડના ટેન્ડરને મંજુરી પણ આપી દેવાઈ છે. મહાત્મા મંદિરથી ઘ-૪ સુધીના વિસ્તારમાં લેન્ડ સ્કેપીંગ અન્વયે ચિલ્ડ્રન પ્લાઝા, ફૂડકોર્ટ તેમજ બગીચા વચ્ચે રંગબેરંગી ફાઉન્ટેઈસ અને ભૂલભૂલામણીનું આકર્ષણ ઉભુ કરાશે.

એક વર્ષમાં કામ પૂર્ણ થશે : આગામી વાઈબ્રન્ટ સમિટ પૂર્વે કામનો અમુક ભાગ પૂર્ણ થઈ જશે

વિધાનસભાથી ગ-૪ સુધીના બેલ્ટમાં સ્વર્ણિમ પાર્ક નિહાળવા અત્યાર સુધીમાં કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જેનો પ્રથમ તબક્કા દરમિયાન આસપાસ માર્ગ તેમજ ફૂટપાથ સહિતનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. જ્યારે બીજા તબક્કાની કામગીરીને અનુલક્ષી નિષ્ણાતો દ્વારા લેન્ડસ્કેપીંગ માટે વિવિધ ડિઝાઈન તૈયાર કરવામાં આવી હતી. ઉચ્ચકક્ષાએથી આ ડિઝાઈન આખરી કરાયા બાદ આ કામગીરી સંદર્ભે વહીવટી મંજુરી આપી દેવાતા ટેન્ડરપ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જ્યારે ટેન્ડરમંજૂર થતા લેન્ડસ્કેપીંગનું કામ હાથ ધરવા એજન્સીને વર્કઓર્ડર પણ આપી દેવાયો છે. અંદાજિત રૂ. ૧૯ કરોડના ખર્ચે સ્વર્ણિમ પાર્કના મધ્યભાગમાં લેન્ડસ્કેપીંગનું કામ હવે ટુંકમાં શરૂ કરી દેવાશે. સૂત્રોના જણાવ્યા અનુસાર લેન્ડસ્કેપીંગ અન્વયે મહાત્મા મંદિરથી ઘ-૪ સુધીના વિસ્તારમાં વોકવે, ગાર્ડન, પ્લાન્ટેશન કરવામાં આવશે આ ઉપરાંત સ્વર્ણિમ પાર્કમાં પોકેટ પ્લાઝાનું નિર્માણ કરાશે જેમાં ચારેબાજુ બેઠક વ્યવસ્થા ઉભી કરવામાં આવશે. સાઉથ, નોર્થમાં ફૂડકોર્ટ બનાવાશે. ઉદ્યાનની વચ્ચે રંગબેરંગી ફૂવારા પણ આકર્ષણ જમાવશે. જ્યારે ભૂલકાઓને અનુલક્ષી ભૂલભૂલામણી પણ બનાવાશે. વધુમાં પાર્કમાં એક્સરસાઈઝ પ્લાઝા બનાવવાનું પણ આયોજન કરાયું છે. જેમાં કસરતના હળવા સાધનો પણ જોવા મળશે. આગામી વાઈબ્રન્ટ સમિટ ૨૦૧૩ને ધ્યાને લઈ કામનો અમુક ભાગ ડિસેમ્બર સુધીમાં પૂર્ણ કરી દેવાશે. જ્યારે આગામી એક વર્ષમાં લેન્ડસ્કેપીંગનું કામ પૂર્ણ કરી દેવાશે.

સ્વાતંત્ર્ય દિનની ઉજવણી - ગાંધીનગર ખાતે હેલીપેડ પર સ્વાતંત્ર્ય દિનની પ્રભાતે પ્રભારી સચિવ સંજય પ્રસાદે ત્રિરંગો લહેરાવી સલામી આપી હતી. રાષ્ટ્રગીતોના ગાન સાથે નગરની શાળા-કૉલેજોના વિદ્યાર્થીઓએ રંગારંગ કાર્યક્રમ પ્રદર્શિત કર્યો હતો. છેલ્લા કેટલાક વખતથી રાજ્યકક્ષાનો ભવ્યાતીભવ્ય કાર્યક્રમ ગાંધીનગરમાં ન યોજાતા નાનકડા કાર્યક્રમથી નગરજનોને સંતોષ લેવો પડે છે. આમ છતાં દેશભક્તિના માહોલમાં સેંકડો નાગરિકોની ઉપસ્થિતિમાં સ્વતંત્ર દિનની ઉજવણી કરાઈ હતી. (તસવીર : દિપક જાની)

શહેરમાં ચાર દિવસથી ડહોળા પાણીની ફરિયાદ

નવા અને જુના સેકટરોમાં સતત ચાર દિવસથી ડહોળું પાણી આવે છે : વસાહતીઓએ ફરિયાદ કરી

ગાંધીનગર, તા.૧૬

પાણી વિતરણ બાબતે છેલ્લા કેટલાક દિવસોથી વસાહતીની ફરિયાદ વધી છે. ચાર દિવસથી ખુબ ડહોળું પાણી આવતું હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. આ ડહોળું પાણી કેમ કરીને પીવાના ઉપયોગમાં લેવું તે વસાહતીઓને સમજાતું નથી. પાણીને શુધ્ધ કરવાના ઉપાયો વસાહતીઓએ અજમાવવાના શરૂ કર્યા છે.

ગાંધીનગરમાં નર્મદા કેનાલનું પાણી વિતરણ કરાય છે. ફોર્સ માટે તેમાં થોડુક ટયુબવેલનું પાણી ઉમેરાય છે. નવા અને જુના સેકટરોમાં પાણીનું વિતરણ કરાય તે પહેલા તેનું શુધ્ધિકરણ કરવામાં આવે છે. પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી પાણી સાવ ડહોળું આવે છે. પહેલાં એકાદ દિવસ તો ગૃહણીઓએ એવું માની ચલાવી લીધું હતું કે સ્થાનિક કોઈ ફોલ્ટ હશે. પરંતુ સતત ચાર દિવસથી ડહોળું પાણી આવતા ગૃહિણીઓની ફરિયાદ ઉચ્ચ સ્તર સુધી પહોંચી છે.

ગાંધીનગરમાં પાણીના સ્રોત માટે માત્ર પાટનગર યોજના વિભાગ દ્વારા વિતરીત કરાતાં પાણી પર જ આધાર રાખવો પડે છે. નવા સેકટરોમાં સવારે અને જૂના સેકટરોમાં સાંજે પાણીનું વિતરણ કરાય છે. આ પાણીનો ઉપયોગ પીવાના પાણીથી લઈને ઘરના તમામ નાના-મોટા કામ માટે વપરાય છે. હવે ડહોળું પાણી આવતા આ પાણીનો પીવા માટે કેવી રીતે ઉપયોગ કરવો તેની મુંઝવણ ગૃહિણીઓ અનુભવી રહી છે. કપડાં અને વાસણ ધોવા માટે પણ આ જ પાણીનો

● અનુસંધાન પાન-૭ પર

નર્મદાના પાણીનો પ્રવાહ વધતા ડહોળા પાણીની સમસ્યા સર્જાઈ છે

પાણીનું લેવલ સેટ થતા બે દિવસમાં પ્રશ્ન હલ થશે : કેમીકલ-બેક્ટેરોલોજીકલ ટેસ્ટ બાદ જ સપ્લાય અપાય છે : તંત્ર

ગાંધીનગર, તા. ૧૬

નર્મદા ડેમમાં પાણીની કેનાલમાં આવક થતા શહેરમાં સપ્લાય દરમિયાન આવતુ પાણી ડહોળુ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે. જો કે આ પાણી કેમીકલ અને બેક્ટોરોજીકલ ટેસ્ટ કર્યા બાદ સેક્ટરોમાં સપ્લાય કરવામાં આવતું હોવાનું પણ સૂત્રોએ જણાવ્યું છે.

શહેરમાં છેલ્લા બે દિવસથી નળમાં ડહોળુ પાણી આવતુ હોવાની વ્યાપક ફરિયાદોના લીધે રોગચાળા પર ખતરો મંડરાયો હોવાનો આક્રોશ સેવાઈ રહ્યો છે. ઝાડા-ઉલ્ટીના રોગચાળા બાદ ફરી એકવાર પાણીની ગુણવત્તા સામે પ્રશ્ન મંડરાતા સપ્લાયમાં આવતા ડોહાળા પાણીનો મામલો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. બીજીતરફ નર્મદાના ડેમમાં પાણી વધતા કેનાલમાં પાણીનો ફ્લો વધ્યો હોવાથી આ સ્થિતિનું નિર્માણ થતું હોવાનું સૂત્રોએ જણાવ્યું છે. જી.ડબલ્યુ.આઈ.એલ.ના એક્ઝીક્યૂટીવ એન્જિનિયર શાહે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે કેનાલમાં પાણીનો ફ્લો વધતા વહેણમાં અશુદ્ધિનું પ્રમાણ વધ્યું છે. જો કે પાણી ગુણવત્તાની દષ્ટિએ યોગ્ય છે. અલબત્ત સપ્લાય પૂર્વે પાણીનો કેમીકલ અને બેક્ટોરોજીકલ ટેસ્ટ પણ કરવામાં આવે છે. સપ્લાયના શરૂઆતના તબક્કે બે ત્રણ ડોલ પાણી રફ યુઝ કર્યા બાદ ઉપયોગમાં લેવા પણ સૂચવાયું છે. કેનાલમાં પાણીનું લેવલ યોગ્ય રીતે સેટ થઈ જતા બે દિવસમાં ડહોળા પાણીની સમસ્યા હલ થઈ જશે તેમ પણ તેમણે જણાવ્યું છે.

(તસવીર : દિપક જાની)

રાષ્ટ્રભક્તિ - સ્વાતંત્ર્ય દિન અને પ્રજાસત્તાક દિને નગરના મુખ્ય માર્ગો પર ત્રિરંગા વેચવાનો વ્યવસાય કેટલાય સમયથી ચાલુ થયો છે... રાષ્ટ્રભક્તિ અભિવ્યક્ત કરવાના આ બંને દિવસો ઉમળકાથી સૌ દેશવાસીઓ ઉજવે છે. ત્રિરંગાને સલામી કરીએ છીએ... ત્રિરંગાને સન્માન આપીએ છીએ...

વરસાદે વિરામ લેતા ઉઘાડ નીકળ્યો

ગાંધીનગર, તા. ૧૬

છેલ્લા બે દિવસથી શહેરને ઘમરોળી રહેલા વરસાદે ગઈકાલથી વિરામ લીધો છે. વાદળો ઓછા થતાં આજે ઉઘાડ નીકળ્યો હતો.

આ વર્ષે વરસાદ ખુબ મોડો આવ્યો. ગયા રવિવારે ધોધમાર વરસાદ પડ્યો તે પછી વાતાવરણમાં ઠંડક છવાઈ ગઈ હતી. ગરમીથી રાહત મળતાં વસાહતીઓ એકદમ આનંદિત બની ગયા હતા. સતત બે દિવસ વરસાદી વાતાવરણ છવાયેલું રહ્યું હતું. ક્યારેક ધોધમાર તો ક્યારેક રીમઝીમ વરસાદથી ગાંધીનગરમાં અદ્ભૂત માહોલ છવાયો હતો. જો કે ગઈકાલ સાંજથી વરસાદ રહી ગયો છે. વાદળો પણ ઓછા થઈ ગયા છે. વાદળો ઓછા થતાં આજ સવારથી ઉઘાડ નીકળ્યો છે. ઉઘાડ નીકળતા ગૃહિણીઓ ખુશ થઈ હતી. સતત બે દિવસથી વરસાદ પડતાં કપડાં સુકાતાં ન હતા. ગૃહિણીઓએ આજે કપડાં તડકામાં નાંખી રાહત મેળવી હતી. જો કે વરસાદ બંધ થઈ જતાં અને ઉઘાડ નીકળતા મચ્છરોનો અને જીવજંતુઓનો ઉપદ્રવ વધ્યો છે. જો કે હજુ ખેતી માટે અને પીવાના પાણી માટે પુરતો વરસાદ ન થતાં હજુ વધુ વરસાદની સૌ આશા રાખી રહ્યા છે. બે દિવસમાં જ ચાર-પાંચ ઈંચ જેટલો વરસાદ વરસ્યો હોવા છતાં સરેરાશ વરસાદની તુલનામાં હજુ વરસાદ ઓછો છે.

ગાંધીનગરમાં ૨૬મીએ પાચનતંત્રના રોગોને લઈ રાજ્યકક્ષાનો સેમિનાર

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર ફિઝીશ્યન એસોસીએશન દ્વારા આગામી ૨૬મી ઓગષ્ટના રોજ એક દિવસીય સેમિનાર પાંચનતંત્રના રોગો પર યોજવામાં આવ્યો છે.

ફિઝીશ્યન એસો.ના ડૉ. પ્રશાંત ભટ્ટ, ડૉ. દર્શન પંડ્યા, ડૉ. હરેશ ઠેકડી, ડૉ. રમણભાઈ પટેલ, ડૉ. દિનકર ગોસ્વામી, ડૉ. વિવેક ભાવેએ આજે જણાવ્યું હતું.

તેમણે જણાવ્યુ છે કે સવારે ૮.૩૦ વાગે આ સેમિનારનું રજીસ્ટ્રેશન થશે. ફાર્મસી કોલેજ ખાતે યોજાનાર આ સેમિનારમાં રાજ્યના નિષ્ણાંત તબીબો સાત જેટલા જુદા જુદા વિષયોને આવરી લઈ તેમના અનુભવોને આધારે પ્રવચન આપશે. આ પ્રસંગે ડૉ. એસ.આઈ. પટવારી, ડૉ. માનસ દેસાઈ, ડૉ. શ્રવણ વોરા, ડૉ. નિલય મહેતા, ડૉ. કૌશલ વ્યાસ, ડૉ. ચિરાદ દેસાઈ, ડૉ.તુષાર પટેલ સહિતના નિષ્ણાતો હાજર રહેનાર છે. ગાંધીનગર ખાતે ઘણા લાંબા સમય બાદ આવો મહત્વનો રાજ્યસ્તરનો સેમિનાર યોજાઈ રહ્યો છે.

કલ્પસરથી ૧૦ હજાર એમસીએમ પાણીનો જથ્થો ગુજરાતને મળશે

(વિશેષ પ્રતિનિધિ)
ગાંધીનગર,તા.૧૬

ગુજરાતની નર્મદા યોજના કરતાં અડધી વોટર સ્ટોરેજ કેપેસિટી ધરાવતી કલ્પસર યોજનાને આ વર્ષમાં શરૂ કરવાનો તખ્તો ગોઠવાઈ ગયો છે. આ પ્રોજેક્ટના સ્ટડી રિપોર્ટ સરકારમાં સબમીટ થઈ ગયેલા છે છતાં સરોવર બાંધવાનું છે તે જગ્યાએ કેટલાક સ્ટડી હજી અધુરાં છે તેને પૂર્ણ કરવાની સૂચના આપી દેવામાં આવી છે.

૧૦ લેનના બ્રીજ ઉપર સોલાર, વિન્ડ અને ટાઇડલ વિદ્યુત પેદા કરવાનો ઇરાદો: દક્ષિણ ગુજરાત અને ભાવનગર વચ્ચેનું અંતર ૩૦ કિલોમીટર

કલ્પસરની રાજકીય કલ્પના ૧૭ વર્ષ પહેલાં કરવામાં આવી હતી પરંતુ મુખ્યમંત્રી બદલાતાં કલ્પના હકીકતમાં બનતાં વિલંબ થયો છે, દરમ્યાન યોજનાના તમામ પાસાને આવરી લેતાં અભ્યાસો પૂર્ણ કરવામાં આવ્યા છે. આ યોજના ૩૩૦૦૦ કરોડની થવા જાય છે.ગલ્ફ ઓફ કેમ્બે-ખંભાતના અખાતમાં જળાશય બનાવવાથી તેની પાણી સંગ્રહ કરવાની ક્ષમતા ૧૦,૦૦૦ મિલિયન ક્યુબીક મીટર (એમસીએમ) થશે.

સચિવાલયના સૂત્રોએ જણાવ્યું હતું કે પ્રોજેક્ટના પ્રથમ તબક્કાના અભ્યાસ રિપોર્ટ સરકારમાં સબમીટ કરી દેવામાં આવ્યા છે હવે બીજા તબક્કાના કેટલાક અભ્યાસનું કામ હાથ ઉપર લેવામાં આવ્યું છે. ભાવનગર થી દહેજ વચ્ચેના ૩૦ કિલોમીટરના જળાશયના કામને ૨૦૧૩-૧૪માં ક્લિયરન્સ અપાય તેવી સંભાવના છે. આ જળાશય ૨૦૦૦ ચોરસ કિલોમીટર વિસ્તારમાં આકાર લેશે.

બીજી તરફ ભાવનગર અને દક્ષિણ ગુજરાતને જોડતો જે બ્રીજ બનવાનો છે તેનું અંતર માત્ર ૩૦ કિલોમીટર છે. આ બ્રીજ ૧૦ લેનનો છે જેની ઉપર સોલાર, વિન્ડ અને ટાઇડલ જેવી વિદ્યુત યોજનાઓ સાકાર લેશે. આ પ્રોજેક્ટમાં જાપાન, ઈઝરાયલ અને કોરિયા જેવા દેશની કંપનીઓએ રસ દાખવ્યો છે.

રાજ્ય સરકારે કલ્પસર ડેમને પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ હેઠળ બનાવવાનું નક્કી કર્યું છે. ભાવનગર સ્થિત સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમિકલ્સ રિસર્ચ ઈન્સ્ટીટ્યુટે તેનો

● અનુસંધાન પાન-૭ પર

ઘ-૦ પાસે દરબારો અને ભરવાડો વચ્ચે નજીવી બાબતે મારામારી

સામ-સામે ફરિયાદ એક ઘાયલ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર ઈન્ફોસીટી નજીક ગતરોજ બપોરના સમયે નજીવી બાબતે ભરવાડો અને દરબારોના બે જૂથ વચ્ચે ભારે ધિંગાણુ સર્જાયુ હતુ. જેમાં બન્ને જુથોએ સામસામે વાન અને રીક્ષા જેવા વાહનોને નુકશાન પહોંચાડ્યું હતું. આ મામલે એકને ઈજાઓ થતા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સેક્ટર-૭ પોલીસે આ સંદર્ભે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ગાંધીનગર ઈન્ફોસિટી પાસેથી ગતરોજ બપોરના સમયે એક એક્ટીવા ચાલક યુવતી પસાર થઈ રહી હતી. દરમિયાન માર્ગમાં અન્ય એક મારૂતિ વાન નં. જીજે-૧૮-એ-એચ.૩૦૯૨ના ચાલકે એક્ટીવા ચાલક યુવતીને ટક્કર મારતા યુવતી માર્ગ પર પટકાઈ હતી. બાદમાં યુવતીની મદદે આવેલા સરગાસણ ગામના રીક્ષાચાલકોએ મારૂતીવાનના ચાલકને રોકી ઈજાગ્રસ્ત યુવતીને સારવાર માટે પૈસા આપવા જણાવ્યુ હતુ. પરંતુ બન્ને વચ્ચે બોલાચાલી થતા મામલો ગંભીર બન્યો હતો. જેમાં સરગાણ ગામના દરબાર રીક્ષાચાલકે મારૂતીવાનના ચાલકને તમાચો મારી દેતા જાહેર માર્ગમાં ખુલ્લા હાથની મારામારીના દશ્યો સર્જાયા હતા. બાદમાં ભરવાડોના ટોળાએ ઘટનાસ્થળે આવી સરગાસણ ગામના રીક્ષાચાલકોને મારામારી કરી રીક્ષાને નુકશાન પહોંચાડ્યું હતું. આથી ગીન્નાયેલા ભરવાડ પક્ષના ઈસમો અને દરબાર પક્ષના ઈસમો વચ્ચે નાના-ઘ-૨ સર્કલ પાસે તકરાર થઈ હતી. જેમાં નવગણભાઈ ભરવાડ (રહે. ગોકુલપુરા સે. ૧૪) સાથે આવેલા ૧૫-૨૦ ઈસમો પૈકીએ એકે દરમિયાનગીરી કરવા માટે આવેલા સરગાસણ ગામના જગતસિંહ પૃથ્વીસિંહ વાઘેલાને માથાના ભાગે પાઈપ મારતા તેને ૧૪ ટાંકા આવ્યા હતા. આમ બપોરથી મોડી સાંજ સુધી ભરવાડ અને દરબાર વચ્ચે ચાલેલુ આ ધિંગાણુ પોલીસની દરમિયાનગીરી બાદ થાળે પડ્યું હતું. આ મામલે સેક્ટર-૭ પોલીસે જગતસિંહની ફરિયાદને આધારે નવગણ ભરવાડ વિરૂદ્ધ જ્યારે હરિભાઈ ભરવાડની ફરિયાદ લઈ સરગાસણના ત્રણ ઈસમો વિરૂદ્ધ ગુનો નોંધી સમગ્ર મામલે પી.એસ.આઈ. વી.આર. ચૌહાણે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

શનિ-રવિની રજામાં પણ 'ઈમ્પેક્ટ ફી'ના ફોર્મ સ્વીકારાશે

ગાંધીનગર, તા.૧૬

એન્જિનિયરીંગ એસોસિએશન તેમજ શહેર વસાહત મહામંડળના ઉક્રમે આજે ઈમ્પેકટ ફીના મામલે આજે સે-૧૭ સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે



એક બેઠક યોજવામાં આવી હતી. આ દરમિયાન શહેર વસાહત મહામંડળ તેમજ પેન્શનર્સ સમાજ દ્વારા શનિ-રવિની રજાના દિવસોમાં પણ ઈમ્પેક્ટ ફીના ફોર્મ સ્વીકારવાની કાર્યવાહી થાય તેવી વ્યવસ્થા ગોઠવવા પણ રજુઆત કરવામાં આવી હતી. જેના અંતે ગુડાના ચેરમેન અશોક ભાવસારે રજાના દિવસે સેન્ટર કાર્યરત રહે તેવી વ્યવસ્થા ગોઠવવા તૈયારી દર્શાવી હતી. જયારે ઈમ્પેકટ ફીના મામલે મુદત વધારવા પણ સરકારને રજૂઆત કરાશે તેમ પણ મહામંડળના પ્રમુખ અરૂણ બૂચે જણાવ્યું છે.

નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૧૮-૮-૧૨, શનિવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

૧. મિરર ઈમેજ S/S

સહી/-
ટોરેન્ટ પાવર લિમિટેડ

ફર્નિચર ભાડે મળશે

ફ્રીજ, ટી.વી., સોફાસેટ, ડાઈનીંગ ટેબલ, તિજોરી, કોમ્પ્યુટર ટેબલ, એ.સી., વગેરે ઘર વપરાશનું તેમજ ઓફીસનું ફર્નિચર ભાડે મળશે.
મો. : ૯૮૭૯૮ ૩૪૯૯૩
મો. : ૯૮૨૫૦ ૫૧૨૫૬

SANGHI CEMENT · KisaN · TMT BARS - ISI · SANGHI STEEL - ISI · BENELAVE · M-FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ashirvad C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES · CEAT

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com